સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ખાતેની તબીબી સહાયની યોજના
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના
હસ્તક મુકવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ-૧૦૧૫-૩૩૯૫૦૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮-૮-૨૦૧૫.

વંચાણે લીધાઃ

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સમાજ કલ્યાણ પ્રભાગ) ના ઠરાવ ક્રઃએસસીડબલ્યુ-૧૦૯૭- ન.બા.૯-ગ, તા.૧૮-૯-૧૯૯૮.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રઃ અજક- ૧૦૨૦૧૧- ન.બા.૨૬- ગ, તા.૧૩-૪-૨૦૧૨

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ- ૧૦૨૦૧૧- ન.બા.૨- ગ, તા.૧૩-૪-૨૦૧૨

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રઃ સશપ-૧૪૨૦૧૧- ન.બા.૧૨૫૧(૭૨૭૭૨૩)- અ, તા.૧૩-૪-૨૦૧૨.

(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રઃ સશપ-૧૪૨૦૧૧- ન.બા.૧૨૫૧(૭૨૭૭૨૩)- અ, તા.૧૩-૪-૨૦૧૨.

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રઃ સશપ-૧૦૨૦૧૪- ૪૩૮- અ.૧, તા.૭-૮-૨૦૧૪.

(૭) કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આરોગ્ય) ફાઇલ નં. IWDMS NO. 745527 / 2014 ની તા.૩-૧૧-૨૦૧૪ ની સીંગલ ફાઇલ.

ઠ રા વઃ-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ખાતેની તબીબી સહાયની યોજનાઓ ઉપર દર્શાવેલ વંચાણે લીધા ક્રમ-૧ થી ૬ પરના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ છે. જુદા જુદા ખાતાના વડાઓની વૈદકીય સહાય યોજના જેવી કે જેના ઉપર આરોગ્ય અને

પરિવાર કલ્યાણ વિભાગ ધ્વારા કામ કરવામાં આવે છે. તે યોજનાઓ માટે જરૂરી બજેટ સ્ટેટ હેલ્થ સેન્ટર સોસાયટીમાં તબદીલ કરવા વંચાણે લીધા ક્રમ-૭ પરથી આ યોજના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને તબદીલ કરવા દરખાસ્ત કરેલ છે.જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ વિભાગ હસ્તકના ખાતાના વડાઓ, નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ તથા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તક કેન્સર માટે પ્રતિમાસ રૂ.૧૦૦૦/-, રકતપિત્ત માટે પ્રતિમાસ રૂ.૮૦૦/-, ક્ષય(ટી.બી.) માટે રૂ.૫૦૦/- દર્દ ન મટે ત્યાં સુધી આપવાનુ નકકી થયેલ છે. તેમજ એચ.આઇ.વી.એઇડઝ ગ્રસ્ત દર્દી માટે માસિક રૂ.૫૦૦/- અનુસૂચિત જાતિઓ માટે રોગ મટે નહિ ત્યાં સુધી ઉકત ઠરાવોથી ઠરાવેલ છે. પ્રસુતિના ગંભીર રોગના કેસમાં રૂ.૫૦૦/ કેસ દીઠ સહાય તથા સ્ત્રીઓને થતા પાંડુરોગ માટે રૂ.૧૫૦/- કેસ દીઠ સહાય આપવાનું ઠરાવેલ છે.

ઉપરોકત સહાય માટે ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદા રૂ.૪૭,૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં આવક મર્યાદાનુ ધોરણ રૂ.૬૮,૦૦૦/- ઉકત વંચાણે લીધા ઠરાવ ક્રમ-૪ થી આ બાબત અમલ કરતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હોઇ, આ એકજ બાબત ઉપર બે વિભાગ કાર્યવાહી કરે તેના બદલે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના જુદા જુદા ખાતાઓના વડાઓ હસ્તકનું આ  બાબતનું બજેટ આરોગ્ય અને પરિવાર કલ્યાણ હસ્તક મુકવામાં આવે છે. આ બાબતની જોગવાઇમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ધ્વારા સબંધિત નાણા જેતે સબંધિત અનુસૂચિત જાતિ, આર્થિક પછાતવર્ગ કે સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે વાપરવામાં આવે તે બાબતે દર વર્ષે આ વિભાગ ધ્વારા યોગ્ય ચકાસણી કરવાની રહેશે. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ખાતેની તબીબી સહાયની યોજના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના હસ્તક મુકવામાં આવે છે.

આ ઠરાવ કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આરોગ્ય) ફાઇલ નં.IWDMS NO.745527/2014ની તા.૩-૧૧-૨૦૧૪ની સીંગલ ફાઇલ ઉપર સરકાર શ્રીની તા.૧૫-૭-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. જે. ખડિયા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આરોગ્ય) બ્લોક નં.૫,
ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
આ અંગેની આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા વિનંતી સહ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડાં.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
આ અંગેની આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા વિનંતી સહ.
સર્વે નાયબ નિયામકશ્રીની કચેરીઓ (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જીલ્લા પંચાયત,(નિયામકશ્રી મારફત)
વિભાગની બજેટ, અ, અ.૧-શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સેકશન અધિકારીશ્રી(કો.સેલ) વિભાગની વેબસાઇડ ઉપર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.